પ્રશ્ન –૨૩ રાજ્યમાં લીવર પ્રત્યારોપણ કરતી હોસ્પિટલો........................ 2
પેટા પ્રશ્નો........................................................ 5
પેટા પ્રશ્ન ૧ શ્રી સરદારભાઈ ચૌધરી, ખેરાલુ........................... 6
પેટા પ્રશ્ન ૨ (શ્રી દુર્લભજીભાઈ દેથરીયા, ટંકારા)........................ 7

પ્રશ્ન –૨૫ જિલ્લા કક્ષાએ રેડીયોથેરાપીની સારવાર........................ 8
પેટા પ્રશ્નો........................................................ 11
પેટા પ્રશ્ન ૧ (શ્રી લવિંગજી ઠાકોર, રાધનપુર)........................... 12
પેટા પ્રશ્ન ૨ (શ્રીમતી સંગીતાબેન પાટીલ, લીંબાયત)...................... 13
પેટા પ્રશ્ન ૩ (શ્રી મહેશભાઈ કસવાલા, સાવરકુંડલા)....................... 14

પ્રશ્ન –૨૮ છોટાઉદેપુર જિલ્લામાં જેતપુર પાવી ખાતે નવું સામૂહિક આરોગ્ય કેન્દ્ર 15
પેટા પ્રશ્નો........................................................ 19
પેટા પ્રશ્ન ૧ (શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર))............ 20
પેટા પ્રશ્ન ૨ (શ્રી જયંતિભાઈ રાઠવા, જેતપુર)............................ 23
પેટા પ્રશ્ન ૩ (શ્રી મહેન્દ્રભાઈ ભાભોર, ગરબાડા)........................... 24


મુખ્ય પેજ

# પ્રશ્ન –૨૩

**પ્રશ્ન ક્રમાંક –૧૫/૪/૧૫૬૧**
**તા. ૨૭/૦૨/૨૦૨૪**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

**માન. ધારાસભ્યશ્રી :**
**શ્રી અરવિંદ શાંતિલાલ રાણા, સુરત (પુર્વ)**

**પ્રશ્ન :– રાજ્યમાં લીવર પ્રત્યારોપણ કરતી હોસ્પિટલો**

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**રાજ્યમાં લીવર પ્રત્યારોપણ કરતી હોસ્પિટલો**

*** 15/4/1735 શ્રી અરવિંદ શાંતિલાલ રાણા** (સુરત (પુર્વ)): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી**

જણાવવા કૃપા કરશે કે.–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | રાજ્યમાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ લીવર પ્રત્યારોપણ કરતી હોસ્પિટલોની સંખ્યા કેટલી છે, | (૧) | રાજ્યમાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ લીવર પ્રત્યારોપણ કરતી હોસ્પિટલોની સંખ્યા ૦૯ (નવ) છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કુલ કેટલા લીવર પ્રત્યારોપણ થયેલ છે, અને | (૨) | ઉક્ત સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબના લીવર પ્રત્યારોપણ થયેલ છે :- |
| (૩) | તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર લાઇવ અને કેડેવર લીવર પ્રત્યારોપણની સંખ્યા કેટલી છે? | (૩) | તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર લાઇવ અને કેડેવર લીવર પ્રત્યારોપણની સંખ્યા નીચે મુજબ છે :– |

જવાબ (૨):

| વર્ષ | ૨૦૨૨ | ૨૦૨૩ |
|---|---|---|
| સંખ્યા | ૧૮૬ | ૧૯૬ |

જવાબ (૩):

| વર્ષ | ૨૦૨૨ | ૨૦૨૩ |
|---|---|---|
| લાઇવ | ૬૨ | ૬૯ |
| કેડેવર | ૧૨૪ | ૧૨૭ |
| કુલ | ૧૮૬ | ૧૯૬ |

મુખ્ય પેજ

# પુરક નોંધ

- ગુજરાત રાજ્યમાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ લીવર પ્રત્યારોપણ કરતી હોસ્પિટલોની સંખ્યા ૦૯ છે.
- ઉક્ત સ્થિતિએ રાજ્યમાં વર્ષ ૨૦૨૨માં ૧૮૬ લીવર પ્રત્યારોપણ અને વર્ષ ૨૦૨૩માં ૧૯૬ લીવર પ્રત્યારોપણ થયેલ છે.
- જે પૈકી વર્ષ ૨૦૨૨માં ૬૨ લાઇવ લીવર પ્રત્યારોપણ અને ૧૨૪ કેડેવર લીવર પ્રત્યારોપણ થયેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૩માં ૬૯ લાઇવ લીવર પ્રત્યારોપણ અને ૧૨૭ કેડેવર લીવર પ્રત્યારોપણ થયેલ છે.

મુખ્ય પેજ

## પેટા પ્રશ્નો

# અગ્રતા ક્રમ :૨૩

**પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૫૬૧**

તા. ૨૭/૦૨/૨૦૨૪

આરોગ્ય વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : શ્રી અરવિંદ શાંતિલાલ રાણા,**

**સુરત (પુર્વ)**

**પ્રશ્ન:- રાજ્યમાં લીવર પ્રત્યારોપણ કરતી હોસ્પિટલો**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં કેટલી લીવર પ્રત્યારોપણ હોસ્પિટલને મંજુરી આપવામાં આવી ? હોસ્પિટલને લીવર પ્રત્યારોપણની માન્યતા માટેના રજીસ્ટ્રેશન માટે શું પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે? | શ્રી સરદારભાઈ ચૌધરી, ખેરાલુ |
| ૨ | દર્દીએ કેડેવર ડોનર(મૃતદાતા)માંથી લીવર મેળવવા નોંધણી કરાવવા માટે શું પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે? કેડેવર(મૃતદાતા)માંથી લીવર મેળવવા માટે નોંધાયેલ દર્દીઓને લીવર ફાળવવા માટે શું પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે? | શ્રી દુર્લભજીભાઈ દેથરીયા, ટંકારા |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ-૨૩**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૫/૪/૧૫૬૧**

**આરોગ્ય વિભાગ**

**તા. ૨૭/૦૨/૨૦૨૪**

પેટા પ્રશ્ન ૧ શ્રી સરદારભાઇ ચૌધરી, ખેરાલુ

- **રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં કેટલી લીવર પ્રત્યારોપણ હોસ્પિટલને મંજુરી આપવામાં આવી ? હોસ્પિટલને લીવર પ્રત્યારોપણની માન્યતા માટેના રજીસ્ટ્રેશન માટે શું પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે?**

**જવાબ-**

- રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં ૦૩ (ત્રણ) હોસ્પિટલોને લીવર પ્રત્યારોપણ માટે મંજુરી આપવામાં આવી.(ભાઇલાલ અમીન જનરલ હોસ્પિટલ વડોદરા, શ્રીમતી આર.બી. શાહ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ, હેલ્થ વન સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ-અમદાવાદ)
- **હોસ્પિટલ દ્વારા લીવર પ્રત્યારોપણની માન્યતા મેળવવા** માટે SOTTO, ગુજરાતની વેબસાઈટ પર ઉપલબ્ધ ફોર્મમાં સ્ટેટ ઓથોરાઈઝેશન કમીટીને અરજી કરવાની રહે છે. જે માટે નિયમ મુજબની ફી ભરવાની હોય છે.
- સ્ટેટ ઓથોરાઈઝેશન કમિટી દ્વારા ઈન્સ્પેક્શન ટીમ દ્વારા રજુ કરાયેલ રીપોર્ટ ધ્યાને લઈ હોસ્પિટલને લીવર પ્રત્યારોપણ સેન્ટર તરીકે માન્યતા આપવામાં આવે છે.
- લીવર પ્રત્યારોપણ સેન્ટર તરીકે માન્યતા મળ્યા બાદ કેડેવર પ્રત્યારોપણ(મૃતદાતા અંગ પ્રત્યારોપણ) માટે જે તે હોસ્પિટલ દ્વારા sotto અને nottoમાં નોંધણી કરાવવાની હોય છે.

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન ૨ (શ્રી દુર્લભજીભાઇ દેથરીયા, ટંકારા)

- **દર્દીએ કેડેવર ડોનર(મૃતદાતા)માંથી લીવર મેળવવા નોંધણી કરાવવા માટે શું પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે? કેડેવર(મૃતદાતા)માંથી લીવર મેળવવા માટે નોંધાયેલ દર્દીઓને લીવર ફાળવવા માટે શું પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે?**

**જવાબ**

- દર્દીએ કેડેવર ડોનર(મૃતદાતા)માંથી લીવર મેળવવા માટે રાજ્યની લીવર પ્રત્યારોપણ માન્ય હોસ્પિટલ મારફતે SOTTO ગુજરાત અને NOTTOની વેબસાઈટમાં ઓનલાઈન નોંધણી કરવાની હોય છે.

લીવરની ફાળવણી મોડેલ ફોર એન્ડ સ્ટેજ લિવર ડીસીઝ (મેલ્ડ) સ્કોર મુજબ કરવામાં આવે છે. આ મેલ્ડ સ્કોર માન્ય આંતરરાષ્ટ્રીય સંસ્થા દ્વારા નક્કી કરવામાં આવેલ છે. અને તેના દ્વારા લિવર ફેલ્યોર દર્દી કેટલું જીવી શકશે તેની અંદાજીત ગણતરી થાય છે. જેનો મેલ્ડ સ્કોર ઉંચો હોય તે દર્દીની મૃત્યુ પામવાની સંભાવના ઓછા મેલ્ડ સ્કોર ધરવાતી દર્દીઓ કરતા વધારે હોય છે. તેથી લિવરની ફાળવણી વધુ મેલ્ડ સ્કોર ધરાવતા દર્દીઓને sotto, ગુજરાતના સોફ્ટવેર દ્વારા કરવામાં આવે છે.

મુખ્ય પેજ

# પ્રશ્ન –૨૫

## પ્રશ્ન ક્રમાંક – ૧૫/૪/૨૩૨૨
## તા. ૨૭/૦૨/૨૦૨૪

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

**માન. ધારાસભ્યશ્રી :**
**શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર)**
**પ્રશ્ન :– જિલ્લા કક્ષાએ રેડીયોથેરાપીની સારવાર**

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**જિલ્લા કક્ષાએ રેડીયોથેરાપીની સારવાર**

* 15/4/2322 : **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ કેન્સરના દર્દીઓને રેડીયોથેરાપીની સારવાર સ્થાનિક જિલ્લા કક્ષાએ અથવા નજીકના જિલ્લામાં મળે તે માટે ૨–૩ જિલ્લા વચ્ચે એક જગ્યાએ આ સારવાર મળી રહે તે અંગેની કાર્યવાહી કયા તબક્કે છે, અને | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેન્સરના દર્દીઓને રેડીયોથેરાપીની સારવાર સ્થાનિક કક્ષાએ અથવા નજીકના જિલ્લામાં મળી રહે તે માટે રાજ્યમાં અમદાવાદ, વડોદરા, સુરત, સિદ્ધપુર, રાજકોટ, ભાવનગર અને જામનગર ખાતે રેડીયોથેરાપીની સારવાર આપવામાં આવે છે. |
| (૨) | ઉક્ત કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને ૨–૩ જિલ્લા વચ્ચે એક રેડિયોથેરાપી કેન્દ્ર કાર્યરત કરવામાં આવનાર છે? | (૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

મુખ્ય પેજ

# પુરક નોંધ

તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ કેન્સરના દર્દીઓને રેડીયોથેરાપીની સારવાર સ્થાનિક કક્ષાએ અથવા નજીકના જિલ્લામાં મળી રહે તે માટે કેન્સર હોસ્પિટલ, અમદાવાદના રાજ્યમાં અમદાવાદ, સિદ્ધપુર, રાજકોટ અને ભાવનગર સેન્ટરો ખાતે રેડીયોથેરાપીની સારવાર આપવામાં આવે છે. તેમજ એસ.એસ.જી. હોસ્પિટલ વડોદરા અને જી.જી. હોસ્પિટલ, જામનગર ખાતે પણ રેડીયોથેરાપીની સારવાર આપવામાં આવે છે. તદઉપરાંત નવી સિવિલ હોસ્પિટલ સુરત કેમ્પસમાં આવેલ લાયન્સ કેર હોસ્પિટલ ખાતે કિમોથેરાપી અને રેડીયોથેરાપીની સારવાર આપવામાં આવે છે.

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

## અગ્રતા ક્રમ :૨૫

**પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૩૨૨**

તા. ૨૭/૦૨/૨૦૨૪

આરોગ્ય વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા (પોરબંદર)**

**પ્રશ્ન:– જિલ્લા કક્ષાએ રેડીયોથેરાપીની સારવાર**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | તા–૩૧.૧૨.૨૦૨૩ સ્થિતિએ રાજ્યમા કેન્સરના દર્દીઓ માટે રેડીયોથેરાપીની સારવાર ક્યા ક્યા સ્થળે ઉપલબ્ધ છે ? | શ્રી લવિંગજી ઠાકોર, રાધનપુર |
| ૨ | છેલ્લા બે વર્ષમાં અમદાવાદ, વડોદરા, સુરત, સિધ્ધપુર, રાજકોટ, ભાવનગર અને જામનગર ખાતેના રેડીયોથેરાપી સેન્ટર ખાતે કેટલા દર્દીઓએ સારવાર લીધી? | શ્રીમતી સંગીતાબેન પાટીલ, લીંબાયત |
| ૩ | વડોદરા, અમદાવાદ, રાજકોટ, ભાવનગર અને સિધ્ધપુર ખાતેના રેડીયોથેરાપી સેન્ટરો ખાતે કઈ કઈ સુવિધાઓ ઉપલબ્ધ છે ? અને ક્યા ક્યા સાધનો ઉપલબ્ધ છે ? | શ્રી મહેશભાઇ કસવાલા, સાવરકુંડલા |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ–૨૫**
**તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૨૩૨૨**
**આરોગ્ય વિભાગ**
**તા. ૨૭/૦૨/૨૦૨૪**

પેટા પ્રશ્ન ૧ (શ્રી લવિંગજી ઠાકોર, રાધનપુર)

- **તા–૩૧.૧૨.૨૦૨૩ સ્થિતિએ રાજ્યમા કેન્સરના દર્દીઓ માટે રેડીયોથેરાપીની સારવાર ક્યા ક્યા સ્થળે ઉપલબ્ઘ છે ?**

**જવાબ–**

- તા–૩૧.૧૨.૨૩ની સ્થિતીએ રાજ્યમાં અમદાવાદ, વડોદરા, સુરત, સિધ્ધપુર, રાજકોટ, ભાવનગર અને જામનગર ખાતે રેડીથેરાપીની સારવાર ઉપલબ્ઘ છે.

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન ૨ (શ્રીમતી સંગીતાબેન પાટીલ, લીંબાયત)

- **છેલ્લા બે વર્ષમાં અમદાવાદ, વડોદરા, સુરત, સિધ્ધપુર, રાજકોટ, ભાવનગર અને જામનગર ખાતેના રેડીયોથેરાપી સેન્ટર ખાતે કેટલા દર્દીઓએ સારવાર લીધી?**

**જવાબ–**

- છેલ્લા બે વર્ષમાં રેડીયોથેરાપી સેન્ટરો ખાતે નીચે મુજબના દર્દીઓને સારવાર આપવામાં આવેલ

| અમદાવાદ | વડોદરા | સુરત | સિધ્ધપુર | રાજકોટ | ભાવનગર | જામનગર |
|---|---|---|---|---|---|---|
| **૧૦,૫૭૯** | **૧૩,૪૯૩** | **૪૦૪૦** | **૮૭૪** | **૩૮૬** | **૨૫૩** | **૯૫૮** |

મુખ્ય પેજ

પેટા પ્રશ્ન ૩ (શ્રી મહેશભાઇ કસવાલા, સાવરકુંડલા)

- **વડોદરા, અમદાવાદ, રાજકોટ, ભાવનગર અને સિધ્ધપુર ખાતેના રેડીયોથેરાપી સેન્ટરો ખાતે કઈ કઈ સુવિધાઓ ઉપલબ્ધ છે ? અને ક્યા ક્યા સાધનો ઉપલબ્ધ છે ?**

**જવાબ–**

- વડોદરા રેડીયોથેરાપી સેન્ટર ખાતે રેડીયોથેરાપી, કિમોથેરાપી (સોલિડ ટ્યુમર માટે) ની સારવાર ઉપલબ્ધ છે.
- અમદાવાદ, રાજકોટ, ભાવનગર અને સિધ્ધપુર ખાતેના રેડીયોથેરાપી સેન્ટરો ખાતે દર્દીઓને કોમ્પ્રેહેન્સિવ કેન્સર કેર ટ્રીટમેન્ટ જેમાં કેન્સર માટેની સર્જરી, કિમોથેરાપી અને રેડિઓથેરાપીનો સમાવેશ કરવામાં આવે છે. વધુમાં દરરોજ નિયમિત OPD, દાખલ થવાની સુવિધા, ઈમરજન્સી સેવાઓ તેમજ લેબોરેટરીની સુવિધા આપવામાં આવે છે.

# પ્રશ્ન –૨૮

**પ્રશ્ન ક્રમાંક –૧૫/૪/૧૯૫૨**
**તા. ૨૭/૦૨/૨૦૨૪**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

**માન. ધારાસભ્યશ્રી :**
**શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર)**
**પ્રશ્ન :– છોટાઉદેપુર જિલ્લામાં જેતપુર પાવી ખાતે નવું સામૂહિક આરોગ્ય કેન્દ્ર**

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**છોટાઉદેપુર જિલ્લામાં જેતપુર પાવી ખાતે નવું સામુહિક આરોગ્ય કેન્દ્ર**

***15/4/1952 શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) **: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.**–**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના જેતપુર પાવી ખાતેના જર્જરિત સામુહિક આરોગ્ય કેન્દ્રનું નવીનીકરણ કરવાની રજૂઆત ક્યારે મળી, | (૧) | રજૂઆત મળેલ નથી. |
| (૨) | ઉક્ત નવીનીકરણને મંજૂરી મળેલ છે કે કેમ, અને | (૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) | જો હા, તો ઉક્ત નવીન સામૂહિક આરોગ્ય કેન્દ્ર કેટલા ખર્ચે અને ક્યાં સુધીમાં બનશે? | (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

મુખ્ય પેજ

# પુરક નોંધ

- તા.૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતીએ છોટાઉદેપુર જિલ્લાના જેતપુર પાવી ખાતેના જર્જરીત સામૂહિક આરોગ્ય કેન્દ્રનું નવીનીકરણ કરવાની રજૂઆત મળેલ ન હતી પરંતુ સામૂહિક આરોગ્ય કેન્દ્ર–જેતપુરપાવી, જિ.છોટા ઉદેપુરનું નવીન મકાન બનાવવા બાબતે રજૂઆત અત્રે તા.૨૫. ૦૧. ૨૦૨૪ ના રોજ મળેલ છે.
- સામુહિક આરોગ્ય કેંદ્રનું સને ૧૯૮૯માં બનાવવામા આવેલ છે. હાલમા જુના બનેલ બિલ્ડીંગમાં સેવાઓ આપવામા આવે છે.
- સામુહિક આરોગ્ય કેંદ્ર નુ બાધકામ અંદાજીત ૩૫ થી ૪૦ વર્ષ જુનુ છે. હાલમા કાર્યરત મકાન જુના વખતનુ હોઈ જગ્યા ઓછી છે તેમજ પુરતા પ્રમાણમા રૂમો નથી હોસ્પિટલ ખાતે હાલમાં ડાયલાસીસ વોર્ડ સુવિધા કાર્યરત કરેલ હોઈ દાખલ થતા દર્દીઓ માટે ફક્ત ૧૦ થી ૧૨ બેડની જ સુવિધા કરી શકાય છે અને પી.એન.સી. વોર્ડનો અભાવ છે તેમજ હોસ્પિટલ ડી.ડી.ઓ કચેરી તરીકે કાર્યરત હોઈ કાર્યાલય હોસ્પિટલ થી ૧ થી ૨ કિ.મી.ના અંતરે આવેલ સ્ટાફ કવાર્ટર્સમા કામગીરી કરવામા આવે છે. જેથી નવીન મકાન બાંધકામ કરવાની જરૂરીયાત છે.
- સામુહિક આરોગ્ય કેંદ્ર જુના બિલ્ડીંગ માં કાર્યરત હોઈ મકાન સી.એચ.સી.ની પેર્ટન મુજબ નથી.
- સામુહિક આરોગ્ય કેંદ્ર ખાતે હાલમા બિલ્ડીંગ ઉપલબ્ધ જગ્યા અને રૂમો મુજબ ૧૦ થી ૧૨ બેડ ઈન્ડોર સેવાઓ,૩ બેડ ની ડાયલાસીસ વિભાગ, ૧ ઓ.ટી,લેબર રૂમ, લેબોરેટરી સેવાઓ, ડીસ્પેંસરી સેવાઓ, એક્ષ–રે વિભાગ, ફીજીયોથેરોપી વિભાગ, હોમીયોપેથીક કિલંનીક,આઈ.સી.ટી.સી.કિલનિક, સી.એમ. ટી.સી. સેવાઓ,

મુખ્ય પેજ

ઈમરજન્સી સેવાઓ બ્લડ સ્ટોરેજ સેવાઓ તેમજ ઓપીડી સેવાઓ કાર્યરત છે.

- જુના મકાન ડીસમેન્ટલ કરી નવુ મકાન બનાવવુ કે નવી જગ્યાએ બનાવવા માટે જમીન ઉપલબ્ધતા અંગે જરૂરી પી.આઈ.યુ તેમજ સ્થાનિક કક્ષાએ વહીવટી તંત્ર સાથે સંકલન કરી કાર્યવાહી કરવામાં આવશે.
- નવુ મકાન બાધકામ થાય ત્યા સુધી સી.એચ.સી.ની વૈકલ્પિક વ્યવસ્થા સ્થાનિક કક્ષાએ વહીવટી તંત્ર સાથે સંકલન કરી કાર્યવાહી કરવામા આવશે.

# પેટા પ્રશ્નો

## અગ્રતા ક્રમ :૨૮

**પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૯૫૨**

તા. ૨૭/૦૨/૨૦૨૪

આરોગ્ય વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર)**

**પ્રશ્ન:- છોટા ઉદેપુર જિલ્લામાં જેતપુર પાવી ખાતે નવું સામૂહિક આરોગ્ય કેન્દ્ર**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર જિલ્લામાં કાર્યરત જિલ્લા હોસ્પિટલ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પેટા આરોગ્ય કેન્દ્રોની વિગતો આપશો તથા હાથ ધરાયેલ બાંધકામની વિગતો જણાવશો. | શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) |
| ૨ | છોટાઉદેપુર જિલ્લાનાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મહેકમની વિગતો શું છે? | શ્રી જયંતિભાઇ રાઠવા, જેતપુર |
| ૩ | સને ૨૦૧૧ ની ગ્રામ્ય વસ્તીના ધોરણો મુજબ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર આવેલ પેટા આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્ર મળવાપાત્ર, મંજુર અને વધ ઘટની વિગત શું છે ? | શ્રી મહેન્દ્રભાઇ ભાભોર, ગરબાડા |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ–૨૮**
**તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૧૯૫૨**
**આરોગ્ય વિભાગ**
**તા. ૨૭/૦૨/૨૦૨૪**

પેટા પ્રશ્ન ૧ (શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર))

- **છોટાઉદેપુર જિલ્લામાં કાર્યરત જિલ્લા હોસ્પિટલ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પેટા આરોગ્ય કેન્દ્રોની વિગતો આપશો તથા હાથ ધરાયેલ બાંધકામની વિગતો જણાવશો.**

**જવાબ–**

- છોટાઉદેપુર જિલ્લામાં આવેલા જિલ્લા હોસ્પિટલ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામની અદ્યતન વિગતો જોઈએ તો ..
- છોટાઉદેપુર જીલ્લામાં કુલ –૬ તાલુકાઓ આવેલ છે. જેમાં હાલ ૧ (એક) ડીસ્ટ્રીક હોસ્પિટલ છોટાઉદેપુર, ૧૨ (બાર) સામુહિક આરોગ્ય કેન્દ્ર, ૫૦ (પચાસ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૩૧૦ (ત્રણસો દસ) પેટા આરોગ્ય કેન્દ્ર આવેલા છે.

મુખ્ય પેજ

| ક્રમ.નં | મકાનો | હાથ ધરેલ કામગીરી |
|---|---|---|
| ૧ | ડીસ્ટ્રીક હોસ્પિટલ છોટાઉદેપુર | તેમજ હોસ્પિટલ કેમ્પસમાં ECRP-II ફેઝ–૨ ABHIM યોજના હેઠળ ૨૧૨ બેડની હોસ્પિટલની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| ૨ | સામુહિક આરોગ્ય કેન્દ્ર (૧૨ ) | ૦૧– પ્રગતિ હેઠળ |
| | | ૦૧– વર્ક ઓર્ડર હેઠળ |
| | | ૧૦ – સામાન્ય મરામતના કામ હેઠળ |
| ૩ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (૫૦) | ૦૧– પ્રગતિ હેઠળ |
| | | ૦૮– વર્ક ઓર્ડર હેઠળ |
| | | ૨૨– સામાન્ય મરામતના કામ હેઠળ |
| | | ૧૮– સારી પરીસ્થિતિમાં છે. |
| ૪ | પેટા આરોગ્ય કેન્દ્ર (૩૧૦ ) | ૨૫– પ્રગતિ હેઠળ |
| | | ૧૯– વર્ક ઓર્ડર હેઠળ |
| | | ૧૭૨–સામાન્ય મરામતના કામ હેઠળ |
| | | ૯૪– સારી પરીસ્થિતિમાં છે. |

મુખ્ય પેજ

# છોટા ઉદેપુર જિલ્લામાં આવેલ આરોગ્ય વિષયક સેવાઓની વિગત

| તાલુકાનુ નામ | જીલ્લા હોસ્પિટલ | પેટા જીલ્લા હોસ્પિટલ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | પેટા આરોગ્ય કેન્દ્ર |
|---|---|---|---|---|---|
| બોડેલી | ૦ | ૦ | ૨ | ૮ | ૪૪ |
| છોટા ઉદેપુર | ૧ | ૦ | ૨ | ૧૧ | ૭૨ |
| જેતપુર પાવી | ૦ | ૦ | ૨ | ૧૦ | ૫૭ |
| ક્વાંટ | ૦ | ૦ | ૩ | ૧૦ | ૬૭ |
| નસવાડી | ૦ | ૦ | ૨ | ૭ | ૪૯ |
| સંખેડા | ૦ | ૦ | ૧ | ૪ | ૨૧ |
| **કુલ** | **૧** | **૦** | **૧૨** | **૫૦** | **૩૧૦** |

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન ૨ (શ્રી જયંતિભાઇ રાઠવા, જેતપુર)

➢ **છોટાઉદેપુર જિલ્લાનાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મહેકમની વિગતો શું છે?**

**જવાબ–**

**છોટાઉદેપુર જિલ્લાનાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની વિગતો જોઈએ તો ...**

### સામુહિક આરોગ્ય કેન્દ્રો

| ક્રમ | સંવર્ગ | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૭૪ | ૫ | ૬૯ |
| ૨ | વર્ગ–૨ | ૪૩ | ૨૯ | ૧૪ |
| ૩ | વર્ગ–૩ | ૧૫૬ | ૧૨૮ | ૨૮ |
| ૪ | વર્ગ–૪ | ૧૨૦ | ૧૧૨ | ૮ |
| | **કુલ** | **૩૯૩** | **૨૭૪** | **૧૧૯** |

### પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

| ક્રમ | સંવર્ગ | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | વર્ગ–૨ | ૧૦૨ | ૪૬ | ૫૬ |
| ૨ | વર્ગ–૩ | ૨૩૯ | ૧૮૬ | ૫૩ |
| ૩ | વર્ગ–૪ | ૨૦૦ | ૨૦૦ | ૦૦ |
| | **કુલ** | **૫૪૧** | **૪૩૨** | **૧૦૯** |

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન ૩ (શ્રી મહેન્દ્રભાઇ ભાભોર, ગરબાડા)

- **સને ૨૦૧૧ ની ગ્રામ્ય વસ્તીના ધોરણો મુજબ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર આવેલ પેટા આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્ર મળવાપાત્ર,મંજુર અને વધ ઘટની વિગત શું છે ?**

**જવાબ–**

સને ૨૦૧૧ ની ગ્રામ્ય વસ્તીના ધોરણો મુજબ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર આવેલ પેટા આરોગ્ય કેન્દ્ર,પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્ર મળવાપાત્ર,મંજુર અને વધ ઘટની વિગતો જોઈએ તો..

**(આગળના પાને...)**

મુખ્ય પેજ

| અ. નં. | તાલુકાનું નામ | ૨૦૧૧ ની ગ્રામ્ય વસ્તી | સા.આ. કેન્દ્ર | | | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | | | પેટા આ.કેન્દ્ર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | જરૂરીયાત | હયાત | વધ/ ઘટ | જરૂરીયાત | હયાત | વધ/ઘટ | જરૂરીયાત | હયાત | વધ/ઘટ |
| ૧ | બોડેલી | ૧૫૯૨૩૫ | ૨ | ૨ | ૦ | ૮ | ૮ | ૦ | ૫૩ | ૪૪ | - ૯ |
| ૨ | છોટા ઉદેપુર | ૨૧૫૫૯૦ | ૩ | ૨ | ૦ | ૧૧ | ૧૧ | ૦ | ૭૨ | ૭૨ | ૦ |
| ૩ | જેતપુર પાવી | ૧૭૦૮૨૩ | ૨ | ૨ | ૦ | ૯ | ૧૦ | ૧ | ૫૭ | ૫૭ | ૦ |
| ૪ | ક્વાંટ | ૨૦૦૪૪૯ | ૩ | ૩ | ૦ | ૧૦ | ૧૦ | ૦ | ૬૭ | ૬૭ | ૦ |
| ૫ | નસવાડી | ૧૪૭૩૬૭ | ૨ | ૨ | ૦ | ૭ | ૭ | ૦ | ૪૯ | ૪૯ | ૦ |
| ૬ | સંખેડા | ૧૦૫૯૫૨ | ૧ | ૧ | ૦ | ૪ | ૪ | ૦ | ૨૧ | ૨૧ | ૦ |
| જિલ્લાનું કુલ | | ૯૯૯૪૧૬ | ૧૩ | ૧૨ | ૧૨ | ૪૯ | ૫૦ | ૧ | ૩૧૯ | ૩૧૦ | -૯ |

મુખ્ય પેજ